# WILL of GOD 316

## હું ઈશ્વરની ઈચ્છા કેવી રીતે જાણી શકું?

"આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો." રોમનોને પત્ર 12:2

ઈશ્વરની ઈચ્છા જાણવી અને તે મુજબ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઈસુ જેવા બનો. તેમણે પૃથ્વી પર આવવા સબંધી આમ કહ્યું, "કેમ કે હું મારી પોતાની ઈચ્છા નહિ, પણ જેમણે મને મોકલ્યો છે તેમની ઈચ્છા પૂરી કરવાને આકાશથી ઊતર્યો છું," યોહાન 6:38. મોટે ભાગે, ઈશ્વરની ઈચ્છા સર્વ વિશ્વાસીઓ પર એ પ્રમાણે જ લાગુ પડે છે. જો કે, દરેક વિશ્વાસી માટે ઈશ્વર પાસે એક વ્યક્તિગત ઈચ્છા હોય છે અને જેમ તમે તેમની સાથે દરરોજ વિશ્વાસુપણે ચાલતા જાઓ તેમ તેઓ તેને ધીમે પ્રગટ કરે છે. તમે ઈશ્વરની ઈચ્છા જાણી શકો છો. તેઓ તમને સમજણ આપશે. "તારા ખરા હ્રદયથી યહોવા પર ભરોસો રાખ. અને તારી પોતાની જ અક્કલ પર આધાર ન રાખ. તારા સર્વ માર્ગોમાં પ્રભુ [નો અધિકાર] સ્વીકાર, એટલે તે તારા રસ્તાઓ સીધા કરશે," નીતિવચનો 3:5-6. તમે બાઈબલમાંથી સર્વ વિશ્વાસીઓ માટેની ઈશ્વરની સર્વસામાન્ય ઈચ્છા જાણો છો. તમે તેમની વ્યક્તિગત ઈચ્છાને તેમના વચન અને આજ્ઞાકારી વિશ્વાસુ જીવનના સુસંગત સંયોજન થકી જાણો છો. આજ્ઞાપાલનના તે પાયા પરથી, તમે તમારા માટેની તેમની ઈચ્છાની ખાતરી કરી શકો છો અને તેનું પાલન કરી શકો છો. પિતાને પૂછો. તેમના વચન (બાઈબલ), તેમના જ્ઞાન, તેમના લોકો અને તેમની શાંતિમાંથી માર્ગદર્શન મેળવો. જ્યારે તમે ઈશ્વરની ઈચ્છા જાણો છો, ત્યારે તેનું પાલન કરો.

**ઈશ્વરની સર્વસામાન્ય ઈચ્છા.** ઈશ્વરની મોટાભાગની સામાન્ય ઈચ્છા બાઈબલની આજ્ઞાઓ, સિદ્ધાંતો અને ઉદાહરણોમાં જોવા મળે છે. તમારા જીવન માટે ઈશ્વરની ઈચ્છા જાણવાનો પ્રાથમિક સ્ત્રોત બાઈબલ જ છે. "મારા પગોને માટે તમારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને માટે અજવાળારૂપ છે," ગીતશાસ્ત્ર 119:105.

1. આજ્ઞાઓ. બાઈબલમાં સર્વ વિશ્વાસીઓ માટે ઘણી આજ્ઞાઓ જોવા મળે છે જેમ કે, "સદા આનંદ કરો. નિત્ય પ્રાર્થના કરો. દરેક સંજોગમાં આભારસ્તુતિ કરો, કેમ કે તમારા વિષે ખ્રિસ્ત ઈસુમાં ઈશ્વરની મરજી એવી છે," 1 થેસ્સાલોનિકીઓને પત્ર 5:16-18. અને "કારણ કે ઈશ્વરની ઈચ્છા એવી છે કે, તમારું પવિત્રીકરણ થાય, એટલે તમે વ્યભિચારથી દૂર રહો," 1 થેસ્સાલોનિકીઓને પત્ર 4:3. ઈસુએ કહ્યું, "જો તમે મારા પર પ્રેમ રાખો છો, તો મારી આજ્ઞાઓ પાળશો," યોહાન 14:15. આજ્ઞાઓનો સંદર્ભ સમજો. ઈશ્વરે ઉત્પત્તિ 6:14 માં નૂહને વહાણ બનાવવા માટે કહ્યું. ઈશ્વરે તમને એવું કરવાનું કહ્યું નથી. ઈશ્વરે દાઉદને હેબ્રોન જવા માટે કહ્યું હતું, 2 શમુએલ 2:1. ઈશ્વરે તમને એવું કરવાનું કહ્યું નથી. કોઈ પણ આજ્ઞાને તેના સંદર્ભની બહાર ન લો.

2. સિદ્ધાંતો. બાઈબલના સિદ્ધાંતોને તમારે અનુસરવાના છે. સારા કારભારીનો સિદ્ધાંત લૂક 16:1-13 માં છે. શિષ્યપણાની કિંમત ચુકવવા વિશેનો સિદ્ધાંત લૂક 14 ના અંતમાં છે. ખોવાયેલા લોકોને શોધવાનો સિદ્ધાંત લૂક 15 ના ત્રણ દૃષ્ટાંતોમાં છે. આ અને બાઈબલના અન્ય સિદ્ધાંતોનું પણ પાલન કરો.

3. ઉદાહરણો. બાઈબલની આજ્ઞાઓ અને સિદ્ધાંતો તમને તમારા જીવન માટેની ઈશ્વરની સર્વસામાન્ય ઈચ્છા જણાવે છે. આપણે અનુકરણ કરી શકીએ તે માટે બાઈબલમાં ઉદાહરણો જોવા મળે છે. ઈસુનું જીવન શ્રેષ્ઠ ઉદાહરણ છે. શિષ્યોના પગ ધોયા પછી, ઈસુએ કહ્યું, "કેમ કે જેવું મેં તમને કર્યું, તેવું તમે પણ કરો, એ માટે મેં તમને નમૂનો આપ્યો છે," યોહાન 13:15. આપણે તેમના નમ્રતાના ઉદાહરણને અનુસરવું જોઈએ, ફિલિપીઓને પત્ર 2:3-5. આપણે તેમના પગલામાં ચાલવું જોઈએ, "કારણ કે એને માટે તમને તેડવામાં આવ્યા છે; કેમ કે ખ્રિસ્તે પણ તમારે માટે સહન કર્યું, અને તમે તેમને પગલે ચાલો, માટે તેમણે તમોને નમૂનો આપ્યો છે," 1 પિતરનો પત્ર 2:21. "એથી આપણે જાણીએ છીએ કે આપણે, તેમનામાં છીએ. 'હું તેમનામાં રહું છું,' એમ જે કહે છે, તેણે જેમ તે ચાલ્યા તેમ જ ચાલવું જોઈએ," 1 યોહાનનો પત્ર 2:5-6.

**એક ચેતવણી.** ઈશ્વર જૂઠું બોલતા નથી, ગીતશાસ્ત્ર 119:160. ઈશ્વર તમને તેમના શબ્દ વચન અનાદર કરવાનું નહિ કહે. ઈસુ આપણને સજ્જ કરવા માટે આગેવાનો પૂરા પાડે છે, એફેસીઓને પત્ર 4:11-14. જો કે, ઘણા જુઠ્ઠા ઉપદેશકો છે, 2 તિમોથીને પત્ર 4:3-4. ક્યારેય એવું માનશો નહીં કે ઈશ્વર તમને તેમના શબ્દનો અનાદર કરવાનું કહે છે. ઈશ્વર એવું નહીં કરે. જો કોઈ મંડળીના આગેવાન તમને ઈશ્વરના વચનનો અનાદર કરવાનું કહે, તો તે જુઠ્ઠો ઉપદેશ છે.

**ઈશ્વરની વ્યક્તિગત ઈચ્છા.** ઈશ્વર પાસે દરેક વિશ્વાસી માટે વ્યક્તિગત ઈચ્છા છે, ગીતશાસ્ત્ર 32:8 નીતિવચનો 3:5-6. ઈશ્વરની સર્વસામાન્ય ઈચ્છાનું પાલન કરો. ત્યારબાદ તેમની વ્યક્તિગત ઈચ્છા જાણવા સારુ ઈશ્વર તમને તે જણાવે તે માટે આગ્રહથી વિનંતી કરો. તેમના વચન (બાઈબલ), તેમના જ્ઞાન, તેમના લોકો અને તેમની શાંતિ વડે તેમનો ઉત્તર શોધો.

**પૂછો.** દાઉદની પ્રાર્થના કરો, "મને તમારી ઈચ્છા પ્રમાણે વર્તવાનું શીખવો," ગીતશાસ્ત્ર 143:10. પ્રેરિત પાઉલે પ્રાર્થના કરી કે કલોસીના વિશ્વાસીઓ "ઈશ્વરની ઈચ્છાના જ્ઞાનથી ભરપૂર થાઓ," કલોસીને પત્ર 1:9. તમારા તેમજ અન્યો માટે ઈશ્વરની ઈચ્છા જાણવા માટે અને તે મુજબ કરવા માટે તમારી નિષ્ઠાવાન પ્રાર્થના હોવી જોઈએ.

**માર્ગદર્શન મેળવો.** ઈશ્વર તેમના વચન, તેમના જ્ઞાન, તેમના લોકો અને તેમની શાંતિ દ્વારા તેમની વ્યક્તિગત ઈચ્છા પ્રગટ કરે છે. ઈશ્વરને પોતાની ઈચ્છા તમને પ્રગટ કરવા માટે કહો. તેઓ તમારી પ્રાર્થનાઓનો જવાબ આ પ્રમાણે આપશે:

1. તેમનું વચન. ઈશ્વરની વ્યક્તિગત ઈચ્છા જાણવી એ નિયમિત બાઈબલ અભ્યાસનું પરિણામ છે. જેમ તમે તેમના વચનમાંથી જ્ઞાન અને સમજણ પ્રાપ્ત કરતા જશો તેમ તેમ તમારા માટે ઈશ્વરની ઈચ્છા સ્પષ્ટ થતી જાય છે. તેઓ તમને ક્યારેય પોતાના વચનની વિરુદ્ધ કંઈકપણ કરવા માટે દોરવણી આપશે નહીં.

2. તેમનું જ્ઞાન. ઈશ્વરનું જ્ઞાન આત્મિક આજ્ઞાપાલન દ્વારા આવે છે, 1 કરિંથી 2:14-15. "આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો," રોમનોને પત્ર 12:2. ઈશ્વર પાસે તેમનું જ્ઞાન માગો, "તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય, તો ઈશ્વર... પાસેથી તે માગે, એટલે તેને તે આપવામાં આવશે," યાકૂબનો પત્ર 1:5.

3. તેમના લોક. ઈશ્વરના લોક ઈશ્વરની ઈચ્છાને સમજવા માટેનું એક શંસાધન છે. જેઓ બોલવા અથવા લખવા દ્વારા ઈશ્વરના વચનને સચોટ રીતે શીખવે છે, તેઓ મદદ કરી શકે છે, કલોસીઓને પત્ર 1:28. પરિપક્વ વિશ્વાસીઓ પાસેથી સલાહ મેળવવી સારી બાબત છે. એક કરતાં વધુ સલાહકાર હોવા પણ એક સારો વિચાર છે, "સલાહ [લીધા] વગરના ઇરાદા રદ જાય છે; પણ પુષ્કળ સલાહકારીઓ હોય તો તેઓ પાર પડે છે," નીતિવચનો 15:22. પરિપક્વ વિશ્વાસીઓ ભૂલરહિત નથી હોતા, પરંતુ તેઓ તમને ઈશ્વરની ઈચ્છા પારખવામાં મદદરૂપ અર્થપૂર્ણ સમજણ આપી શકે છે.

4. તેમની શાંતિ. ઈશ્વરની શાંતિ એ તેમની વ્યક્તિગત ઈચ્છાની અંતિમ પુષ્ટિ છે, "ખ્રિસ્તની શાંતિ... તમારાં હૃદયોમાં રાજ કરે," કલોસીઓને પત્ર 3:15. "અને ઈશ્વરની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે," ફિલિપીઓને પત્ર 4:7. આ શાંતિ એ ઈશ્વર દ્વારા આપવામાં આવેલી ગૂઢ સમજણ છે જે પ્રાર્થના, બાઈબલ અભ્યાસ, આત્મિક જ્ઞાન અને પરિપક્વ આત્મિક સલાહકારો પાસેથી જે અંતરદૃષ્ટિ પ્રાપ્ત થાય છે તેને અનુસરે છે. ઈશ્વરની શાંતિ શોધો અને રાહ જુઓ.

**અમલ કરો.** જ્યારે તમે ઈશ્વરને પૂછો કે શું કોઈ બાબત તેમની ઈચ્છામાં છે, ત્યારે ઉત્તર "ના" પણ હોઈ શકે છે જેમ પાઉલના માટે થયું હતું, 2 કરિંથી 12:7-10. ઉત્તર "રાહ જુઓ" પણ હોઈ શકે છે. ઈશ્વરનો "રાહ જુઓ" માટેનો ઉત્તર મહાન આશીર્વાદમાં પરિણમી શકે છે, યશાયા 40:31. જ્યારે ઈશ્વરનો ઉત્તર "હા" હોય, ત્યારે તેમની ઈચ્છા પ્રમાણે અમલ કરવાનું મુશ્કેલ, અપ્રિય અથવા ખર્ચાળ લાગે તોપણ તે કરો. આપણે આપણા હૃદયથી તેમની ઈચ્છા પૂર્ણ કરવામાં આનંદ માનવો જોઈએ, ગીતશાસ્ત્ર 40:8, એફેસીઓને પત્ર 6:5-6. ખ્રિસ્તીધર્મના નામે શીખવવામાં આવતા જૂઠા શિક્ષણ અને ઉત્તરોથી સાવચેત રહો. જ્યારે તમને ખાતરી થાય કે તમે ઈશ્વરની ઈચ્છા જાણો છો ત્યારે તેનું પાલન કરો.

*હું ઈશ્વરની ઈચ્છા કેવી રીતે જાણી શકું?* © 2026 જ્હોન ડી. મોરિસ III દ્વારા પ્રકાશિત છે. તમે આ સંપૂર્ણ નિવેદન સહિત સામગ્રીમાં કોઈ ફેરફાર કર્યા વિના તેને મુક્તપણે છાપી, નકલ, પોસ્ટ, ઈ-મેઇલ કરી અથવા મેસેજ તરીકે મોકલી શકો છો. તમે પૃષ્ઠ એકના મથાળે તમારી મીનીસ્ટ્રી અથવા મંડળીનું નામ અથવા લોગો ઉમેરી શકો છો અને પૃષ્ઠ બેના નીચેના ભાગે નક્કર રેખા ઉપર તમારી સંપર્ક માહિતી ઉમેરી શકો છો. WillofGod316.org માત્ર બાઈબલ પર જ આધારિત છે. તે વિશ્વાસીઓને ઈશ્વરની ઈચ્છા જાણવામાં મદદ કરવા માટે અસ્તિત્વમાં છે. તમે એક્ટ્સ વન એઈટ (જો શક્ય હોય તો અંગ્રેજીમાં) ઈ-મેઇલ કરી શકો છો: Hello@Mail316.org. અનુવાદ સેવાઓ www.ChristianLingua.com દ્વારા પૂરી પાડવામાં આવી હતી. *હું ઈશ્વરની ઈચ્છા કેવી રીતે જાણી શકું?* www.WillofGod316.org પર અડતાલીસ ભાષાઓમાં વિનામૂલ્યે ઉપલબ્ધ છે. અંગ્રેજી સંસ્કરણમાં બાઈબલના અવતરણો ધ લોકમેન ફાઉન્ડેશનના ન્યૂ અમેરિકન સ્ટાન્ડર્ડ બાઈબલ 1995 માંથી લેવામાં આવ્યાં છે. આ અનુવાદમાં બાઈબલના અવતરણો GUJOVBSI માંથી છે.